JSW Colouron+ | ISC | durashine
TATA SHAKTEE
ALEVATE PERFORMANCE AT ITS PEAK
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
durashine TATA BLUESCOPE STEEL
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ તેરસ મંગળવાર ૩૧ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૩૩

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# રૂપિયો તળિયે: 95.22ની રેકોર્ડ નીચલી સપાટી

**રૂપિયાને** ટેકો આપવા આરબીઆઈએ બેંકો માટે નેટ ઓપન પોઝિશનની મર્યાદા ઘટાડી એટલે 94.70 પર બંધ થયો

**ઈરાન**-અમેરિકા તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલ 114 ડોલરને પાર

મુંબઈ, તા. 30 (પીટીઆઈ): ઈરાન યુદ્ધના તણાવ અને વૈશ્વિક બજારોમાં મચેલી અફરાતફરીની સીધી અસર ભારતીય રૂપિયા પર જોવા મળી છે. સોમવારે ઈન્ટ્રા-ડે ટ્રેડિંગ દરમિયાન રૂપિયો ઈતિહાસમાં પ્રથમવાર ડોલર સામે 95.22ની રેકોર્ડબ્રેક નીચલી સપાટીએ પહોંચી ગયો હતો. જોકે, દિવસના અંતે રૂપિયો અગાઉના બંધ 94.85ની સરખામણીએ 15 પૈસા સુધરીને 94.70 પર સ્થિર થયો હતો.

પશ્ચિમ એશિયાના સંકટને કારણે ઉર્જા બજારમાં ગભરાટ ફેલાયો છે, જેના કારણે ડોલર ઈન્ડેક્સ 100ની ઉપર મજબૂત થયો છે. વધતા જતા ભૌગોલિક રાજકીય તણાવને પગલે બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ પણ 2.60 ટકા વધીને બેરલ દીઠ 114.97 ડોલર પર પહોંચી ગયો છે. વિદેશી સંસ્થાગત રોકાણકારોએ (એફઆઈઆઈ) ભારતીય બજારમાંથી અંદાજે રૂ. 11,163 કરોડની ભારે વેચવાલી કરી છે.

રૂપિયાના મૂલ્યને ટેકો આપવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકો માટે ઓવરનાઈટ નેટ ઓપન પોઝિશનની મર્યાદા ઘટાડીને 100 મિલિયન ડોલર કરી દીધી છે જેના પગલે દિવસના ટ્રેડીંગમાં ડોલર સામે રૂપિયો સુધરીને 93.57 સુધી ગયો હતો, જોકે બાદમાં તે ડોલર સામે 95.22ની સર્વકાલીન નીચલી સપાટીએ પહોંચ્યો હતો.

નાણામંત્રી નિર્મલા સીતારમણે આ સ્થિતિ પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે દેશના આર્થિક પાયા મજબૂત છે અને અન્ય ઉભરતા બજારોની સરખામણીએ ભારતીય રૂપિયો ડોલર સામે 'સંપૂર્ણપણે ઠીક' કામ કરી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, 28 ફેબ્રુઆરી 2026થી શરૂ થયેલા આ સંઘર્ષ બાદ અત્યાર સુધીમાં રૂપિયો 4.1 ટકા જેટલો ઘટ્યો છે.

## રૂપિયામાં 14 વર્ષનો સૌથી મોટો વાર્ષિક કડાકો

**મુંબઈ.** નાણાકીય વર્ષ 2025-26માં અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો 9.88 ટકા ઘટ્યો છે, જે છેલ્લા 14 વર્ષમાં ગ્રીનબેક સામે સૌથી મોટો ઘટાડો છે. અગાઉ નાણાકીય વર્ષ 2011-12માં, જ્યારે ચાલુ ખાતાની ખાધ (CAD) વધીને 4.2 ટકા થઈ હતી, ત્યારે સ્થાનિક ચલણમાં ડોલર સામે 12.4 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ચાલુ નાણાકીય વર્ષમાં, રૂપિયાના આ તીવ્ર ઘટાડા પાછળ સતત વિદેશી ભંડોળનો આઉટફ્લો, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને વૈશ્વિક સ્તરે મજબૂત થતો ડોલર જવાબદાર છે. વૈશ્વિક નાણાકીય બજારોમાં અસ્થિરતા અને કડક લિક્વિડિટીની સ્થિતિએ પણ નાણાકીય વર્ષ 2026માં રૂપિયા પર દબાણ વધાર્યું હતું. બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, અન્ય એશિયન કરન્સીમાં પણ યુએસ ડોલર સામે મોટો ઘટાડો જોવા મળ્યો છે, જેમાં 1 એપ્રિલથી અત્યાર સુધીમાં જાપાનીઝ યેન 6 ટકા, ફિલિપાઈન પેસો 5.74 ટકા અને દક્ષિણ કોરિયન વોન 2.88 ટકા ઘટ્યા છે. ક્ષિણ કોરિયન બેંક 'શિનહાન બેંક'ના ઇન્ડિયા ટ્રેઝરી હેડ સુનલ સોધાનીએ જણાવ્યું હતું કે, FY26 એ બાહ્ય આંચકાઓ, મૂડીનો નિકાલ અને માળખાગત નબળાઈઓનું એક પરફેક્ટ સ્ટોર્મ (ભીષણ સંકટ) હતું. તેમણે ઉમેર્યું કે FY26 અને FY12 માં રૂપિયાના ઘટાડા પાછળના પરિબળો અલગ-અલગ છે. સોધાનીએ જણાવ્યું કે, FY12 માં ઘટાડો મુખ્યત્વે સ્થાનિક કારણો અને 'ટેપર ટેન્ટ્રમ' પ્રેરિત હતો, જ્યારે FY26 માં રૂપિયાનો ઘટાડો ઓઈલ, ભૂરાજરકીય સ્થિતિ અને મૂડીના નિકાલ જેવા બાહ્ય પરિબળોને આભારી છે, જે ભારતની આયાત પરની નિર્ભરતાને કારણે વધુ વકર્યો છે. Y26 માં રૂપિયાના ઘટાડાની શરૂઆત ...અનુસંધાન પાના 15 પર

### રૂપિયો સારું પ્રદર્શન કરી રહ્યો છે: નાણા મંત્રી

**નવી દિલ્હી.** નાણામંત્રી નિર્મલા સીતારમણે સોમવારે જણાવ્યું હતું કે દેશના આર્થિક પાયા મજબૂત છે અને અન્ય ઉભરતા બજારના અર્થતંત્રોની તુલનામાં ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે બિલકુલ બરાબર ચાલી રહ્યો છે. 28 ફેબ્રુઆરી, 2026ના રોજ પશ્ચિમ એશિયા સંઘર્ષની શરૂઆત થઈ ત્યારથી, રૂપિયો 4.1 ટકા ઘટીને 27 માર્ચ, 2026ના રોજ પ્રતિ ડોલર 94.82 રૂપિયા પર બંધ થયો હતો. રૂપિયાના અવમૂલ્યન અંગે લોકસભામાં એક પૂરક પ્રશ્નનો જવાબ આપતા સીતારમણે કહ્યું: ભારતનું અર્થતંત્ર મજબૂત છે, આપણી નાણાકીય સ્થિતિ મજબૂત છે અને સમગ્ર વિશ્વ આપણા નાણાકીય ખાધના સંચાલનની પ્રશંસા કરી રહ્યું છે. આપણો વિદેશી મુદ્રા ભંડાર પણ મજબૂત છે. અન્ય ઉભરતા અર્થતંત્રોની તુલનામાં, રૂપિયો બરાબર પ્રદર્શન કરી રહ્યો છે...

...અનુસંધાન પાના 15 પર



## દેશમાં કમોસમી વરસાદ અને કરા

**કાશ્મીર**-હિમાચલમાં સતત બીજા દિવસે હિમવર્ષા, દિલ્હી અને રાજસ્થાનમાં પણ હળવો વરસાદ

**મહારાષ્ટ્રના** અનેક ભાગોમાં ભારે વરસાદ, કરાવર્ષાને કારણે પુણે શહેર સફેદ રંગે રંગાયું

**નવી દિલ્હી, તા. 30:** ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં વરસાદ પડ્યો હતો, જ્યારે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં સોમવારે સતત બીજા દિવસે હિમવર્ષા નોંધાઈ હતી.

દિલ્હીના કેટલાક વિસ્તારોમાં સોમવારે સાંજે હળવો વરસાદ થયો હતો, જેનાથી દિવસભર ૩૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસના તાપમાન અને બપોરના ભેજવાળા વાતાવરણથી પરેશાન શહેરના લોકોને રાહત મળી હતી. નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ, જયપુર સહિત રાજસ્થાનના અનેક ભાગોમાં જોરદાર પવન ફૂંકાયો હતો. અનેક સ્થળોએ હળવો વરસાદ પણ જોવા મળ્યો હતો.

પુણે અને મહારાષ્ટ્રના અનેક ભાગોમાં સોમવારે મુશળધાર વરસાદ અને કરા પડ્યા હતા, જેના કારણે વધતી જતી ગરમીથી લોકોને ઘણી રાહત મળી છે. સોશિયલ મીડિયા પર ઈન્ટરનેટ યુઝર્સે પુણેમાં પડેલા વરસાદ અને કરાના દ્રશ્યો શેર કર્યા છે. ખાસ કરીને હિંજાવાડી જેવા વિસ્તારોમાં ભારે વરસાદી ગતિવિધિ જોવા મળી હતી, જ્યાં રસ્તાઓ, બાલ્કનીઓ અને અગાસીઓ પર કરાના થર જામી ગયા હોય તેવા વીડિયો ઝડપથી ઓનલાઈન સામે આવ્યા છે. સોશિયલ મીડિયા યુઝર્સ, ખાસ કરીને X પર, શહેરભરમાં બદલાયેલા આ નાટકીય હવામાનને વીડિયો, તસવીરો અને અંગત અનુભવો દ્વારા શેર કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું, પુણેમાં વરસાદ પડી રહ્યો છે. હવામાં રહેલી અને ઝાડ પરની બધી ધૂળ ધોવાઈ રહી છે. એવું લાગે છે કે જાણે લાંબા સમય પછી પ્રકૃતિ સ્નાન કરી રહી છે. અન્ય એક યુઝરે પોસ્ટ કર્યું, આ

...અનુસંધાન પાના 15 પર

## શેરબજારમાં હાહાકાર: બે દિવસમાં રોકાણકારોના 18.60 લાખ કરોડ સ્વાહા

**સોમવારે** સેન્સેક્સ 1,635.67 પોઈન્ટ્સ ઘટીને 71,947.55 પર બંધ રહ્યો

**માર્ચમાં** વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી 1 લાખ કરોડથી વધુ પાછા ખેંચી લીધા

**નવી દિલ્હી, તા. 30 (PTI):** પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે ભારતીય શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી છે. છેલ્લા બે ટ્રેડિંગ સત્રમાં બીએસઈ સેન્સેક્સ 4 ટકાથી વધુ તૂટ્યો છે, જેના કારણે રોકાણકારોની સંપત્તિમાં 18.60 લાખ કરોડનો જંગી ઘટાડો થયો છે. વૈશ્વિક બજારોમાં નબળાઈ અને વિદેશી સંસ્થાગત રોકાણકારો (એફઆઈઆઈ) દ્વારા સતત થઈ રહેલી વેચવાલીએ બજારનો વિશ્વાસ ડગમગાવી દીધો છે. સોમવારે, 30 શેરનો બેન્ચમાર્ક સેન્સેક્સ 1,635.67 પોઈન્ટ્સ અથવા 2.22 ટકા ઘટીને 71,947.55 પર બંધ રહ્યો હતો. છેલ્લા બે દિવસમાં જ સેન્સેક્સમાં કુલ 3,325.9 પોઈન્ટ્સનો ઘટાડો થયો છે. ફેબ્રુઆરી 28થી શરૂ થયેલા પશ્ચિમ એશિયાના સંઘર્ષ બાદ માત્ર આ માર્ચ મહિનામાં જ સેન્સેક્સ 9,339.64 પોઈન્ટ્સ એટલે કે 11.48 ટકા જેટલો ક્રેશ થયો છે. બ્રેન્ટ ક્રૂડનો ભાવ પણ 2.18 ટકા વધીને બેરલ દીઠ 115.1 ડોલર પર પહોંચી ગયો છે. માર્ચ 2026 માં વિદેશી રોકાણકારોએ (એફઆઈઆઈ) ભારતીય બજારમાંથી 1 લાખ કરોડથી વધુ પાછા ખેંચી લીધા છે, જે તાજેતરના ઇતિહાસમાં સૌથી મોટો આઉટફ્લો છે. આ સ્થિતિ વર્ષ 2020માં કોરોના મહામારી દરમિયાન જોવા મળેલી બજારની

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી



### રાજ્યસભામાં હળવાશની ક્ષણો

સંસદના વર્તમાન બજેટ સત્ર દરમિયાન રાજ્યસભામાં ચાલી રહેલી ચર્ચા વચ્ચે એક દિવસે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયને સભ્યોને ત્યારે આશ્ચર્યમાં મૂકી દીધા જ્યારે તેમણે ગૃહના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનને અભિનંદન આપીને પોતાના ભાષણની શરૂઆત કરી. તેમણે એમ કહીને અભિનંદન પાઠવ્યા કે અધ્યક્ષે 'ઝીરો અવર' દરમિયાન વધુ સભ્યોને જાહેર મહત્ત્વના મુદ્દા ઉઠાવવાની મંજૂરી આપી હતી. સાંસદે કહ્યું, "બધો શ્રેય તમને જાય છે," અને ઉમેર્યું કે આનો કેટલોક શ્રેય વિપક્ષ અને ટ્રેઝરી (સત્તાધારી) બેન્ચને પણ જાય છે. ઉપરાષ્ટ્રપતિએ તેમના વતી તરત જ જવાબ આપ્યો કે, વિરોધ પક્ષના સાંસદ તરીકે તેઓ આ સહકાર માટે સંપૂર્ણ શ્રેય લઈ શકે છે, જેનાથી તૃણમૂલ કોંગ્રેસના નેતા અને ઉપલા ગૃહના અન્ય સભ્યોમાં હાસ્યની લહેર દોડી ગઈ હતી.

### બિહાર કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ

કોંગ્રેસ ખાસ કરીને બિહારના એક વરિષ્ઠ પક્ષના નેતાથી નારાજ છે. તેનું કારણ એ છે કે તે ચોક્કસ નેતાને બિહારના ભૂતપૂર્વ રાજ્યપાલ આરિફ

...અનુસંધાન પાના 15 પર

તા. 30-03-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૭.૪° સે. | ૨૬.૬° સે. | ૩૬% |

## ગુજરાત સહિત 21 રાજ્યોમાં ફરી કેરોસીનનું વિતરણ

**યુદ્ધને** કારણે LPG પુરવઠો ખોરવાતા 'કેરોસીન મુક્ત' રાજ્યોમાં પણ 60 દિવસ માટે રાહત

**નવી દિલ્હી, તા. 30 (PTI):** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ઊર્જા પુરવઠા શૃંખલા ખોરવાઈ છે, જેને પગલે કેન્દ્ર સરકારે ગુજરાત સહિત 21 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રસોઈ અને પ્રકાશની જરૂરિયાતો માટે જાહેર વિતરણ પ્રણાલી (પીડીએસ) કેરોસીનની ફાળવણી કરવાની મંજૂરી આપી છે. ખાસ વાત એ છે કે, આ યાદીમાં એવા પ્રદેશોનો પણ સમાવેશ થાય છે જેમને અગાઉ 'કેરોસીન મુક્ત' જાહેર કરવામાં આવ્યા હતા.

ભારત તેની રસોઈ ગેસ (એલપીજી)ની જરૂરિયાતના 60 ટકા જેટલી આયાત કરે છે, જેમાંથી 85-90 ટકા પુરવઠો ખાડી દેશોમાંથી આવે છે. યુદ્ધના કારણે આ પુરવઠો અટકી પડતા હોટલ અને રેસ્ટોરન્ટ જેવા વ્યાપારી વપરાશકર્તાઓ માટે ગેસના પુરવઠામાં કાપ મૂકવાની ફરજ પડી છે. જોકે ઘરેલું ગ્રાહકોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે, પરંતુ મર્યાદિત સ્ટોકને કારણે લોકોમાં ગભરાટ છે. આ દબાણને હળવું કરવા માટે સરકારે કામચલાઉ ધોરણે કેરોસીનનો ઉપયોગ કરવાની છૂટ આપી છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા 29 માર્ચના રોજ બહાર પાડવામાં આવેલા ગેઝેટ નોટિફિકેશન મુજબ, આ છૂટછાટ પેટ્રોલિયમ એક્ટ 1934 હેઠળ આપવામાં આવી છે. નવા નિયમ મુજબ, દરેક જિલ્લામાં જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓના વધુમાં વધુ 2 સર્વિસ સ્ટેશનો પર 5,000 લિટર સુધી કેરોસીનનો સંગ્રહ કરી શકાશે. આ માટે એજન્ટો કે ડીલરોએ અલગથી લાયસન્સ લેવાની જરૂર રહેશે નહીં,

...અનુસંધાન પાના 15 પર

લિવ-ઈન કપલ્સને પણ પરિણીત માનવામાં આવશે

## વસ્તી ગણતરી ૨૦૨૬નો કાલથી પ્રારંભ

**પ્રથમ** તબક્કો ૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલશે

**જુદા જુદા** રાજ્યોમાં એક મહિનાનું હાઉસ લિસ્ટિંગ ઓપરેશન આ સમયગાળામાં યોજાશે, જેની તારીખ હવે પછી જાહેર કરાશે

**પ્રથમ** તબક્કા માટે 33 પ્રશ્નોનો સેટ સરકારે તૈયાર કર્યો છે

### લોકો ઓનલાઇન જાતે પણ માહિતી ભરી શકશે

નાગરિકો તેમના સંબંધિત રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં 'હાઉસ લિસ્ટિંગ ઓપરેશન' (HLO) શરૂ થયાના ૧૫ દિવસ પહેલાના સમયગાળા દરમિયાન ૧૬ ભાષાઓમાં 'સેલ્ફ-એન્યુમરેશન' (સ્વ-ગણતરી) દ્વારા પણ માહિતી આપી શકે છે. કયા રાજ્યમાં હાઉસ લિસ્ટિંગ ઓપરેશન ક્યારે શરૂ થશે તેની વિગતો હવે પછી જાહેર કરવામાં આવશે. સ્વ-ગણતરી માટે, ઘરના વડા અથવા પરિવારના કોઈપણ સભ્ય સત્તાવાર પોર્ટલ – se.census.gov.in – પર મોબાઈલ નંબર અને અન્ય પ્રાથમિક વિગતોનો ઉપયોગ કરીને નોંધણી કરાવી શકે છે, જેમાં જિલ્લો પસંદ કરી, નકશા પર ઘરનું સ્થાન ચિહ્નિત કરી અને પોતાની અનુકૂળતા મુજબ માહિતી સબમિટ કરી શકાય છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૧૬-અંકનો યુનિક સેલ્ફ-એન્યુમેરેશન આઈડી જનરેટ થશે, જે જ્યારે ગણતરીકાર રૂબરૂ મુલાકાત માટે આવે ત્યારે ચકાસણી માટે તેને આપવાનો રહેશે.

**નવી દિલ્હી, તા. 30 :** વસ્તી ગણતરી-2026નો પ્રથમ તબક્કો 1 એપ્રિલથી શરૂ થઈ રહ્યો છે. પ્રથમ તબક્કામાં હાઉસ લિસ્ટિંગ કામગીરી કરવામાં આવશે જેમાં ગણતરીકારો ઘરને લગતી માહિતી ભેગી કરશે. પ્રથમ તબક્કો ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલશે. અને રાજ્યો તથા સંઘપ્રદેશો દ્વારા નક્કી કરાયેલ કાર્યક્રમ મુજબ જે-તે રાજ્યમાં એક મહિના માટે હાઉસ લિસ્ટિંગ ઓપરેશનની કાર્યવાહી ચાલશે.

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણે જણાવ્યું હતું કે, ૨૨ જાન્યુઆરીના જાહેરનામા મુજબ, ગણતરીકારો મકાન નંબર, વસ્તી ગણતરી ઘર નંબર અને ફ્લોર, દીવાલો અને છત માટે વપરાયેલી મુખ્ય સામગ્રી જેવી વિગતો એકત્રિત કરશે. તેઓ ઘરનો વપરાશ અને સ્થિતિની પણ નોંધ લેશે અને ઘરને એક હાઉસહોલ્ડ નંબર ફાળવશે. તેમણે જણાવ્યું હતું કે, ગણતરીકારો ઘરમાં રહેતા સામાન્ય રહેવાસીઓની કુલ સંખ્યા, ઘરના વડાનું નામ અને જાતિ, ઘરની માલિકીની સ્થિતિ, રહેવાના રૂમોની સંખ્યા અને ઘરમાં પરણિત યુગલોની સંખ્યા વિશે પણ પૂછશે. નારાયણે વધુમાં જણાવ્યું હતું કે, ગણતરીકારો સુવિધાઓ અને અસ્કયામતો વિશે પણ માહિતી એકત્ર કરશે, આમાં 33 પ્રશ્નો પૂછવામાં આવશે.

આ મુજબ, સ્થિર સંબંધમાં રહેતા લિવ-ઈન કપલ્સને પણ પરિણીત માનવામાં આવશે. આવું ત્યારે જ થશે જ્યારે યુગલ સ્વીકારશે કે તેમનો સંબંધ લાંબો ચાલવા પાત્ર છે. પ્રથમ તબક્કા માટે ઓનલાઈન પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે, જ્યાં લોકો જાતે જ પોતાની માહિતી ભરી શકશે.

## સતત આઠમા ક્વાર્ટરમાં નાની બચત યોજનાઓના વ્યાજ દરો યથાવત

**નવી દિલ્હી, તા. 30 (PTI):** કેન્દ્ર સરકાર દ્વારા સોમવારે પીપીએફ, એનએસસી અને સુકન્યા સમૃદ્ધિ જેવી વિવિધ નાની બચત યોજનાઓના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

1 એપ્રિલ, 2026થી શરૂ થતા નવા નાણાકીય વર્ષ (2026-27)ના પ્રથમ ક્વાર્ટર માટે વ્યાજ દરો જૂના દરો મુજબ જ રહેશે. નાણા મંત્રાલયે એક જાહેરનામા દ્વારા સ્પષ્ટ કર્યું છે કે 30 જૂન, 2026 સુધી વ્યાજ દરોમાં કોઈ ફેરબદલ કરવામાં આવશે નહીં. આ સાથે સતત આઠમા ક્વાર્ટરમાં વ્યાજ દરો સ્થિર રાખવામાં આવ્યા છે.

સરકારે છેલ્લે 2023-24ના ચોથા ક્વાર્ટરમાં કેટલીક યોજનાઓના વ્યાજ દરોમાં ફેરફાર કર્યો હતો. મુખ્યત્વે પોસ્ટ ઓફિસ અને બેંકો દ્વારા સંચાલિત આ યોજનાઓમાં રોકાણ કરતા મધ્યમ વર્ગના પરિવારો માટે આ નિર્ણય રાહતરૂપ છે, કારણ કે બજારમાં ઉતાર-ચઢાવ છતાં તેમના વળતરમાં કોઈ ઘટાડો થશે નહીં.

### જાહેરનામા મુજબ, લોકપ્રિય યોજનાઓના વ્યાજ દરો નીચે મુજબ રહેશે:

- સુકન્યા સમૃદ્ધિ યોજનાઃ 8.2%
- પબ્લિક પ્રોવિડન્ટ ફંડ: 7.1%
- નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ: 7.7%
- કિસાન વિકાસ પત્રઃ 7.5% (જે 115 મહિનામાં પાકશે)
- પોસ્ટ ઓફિસ સેવિંગ્સ ડિપોઝિટ: 4%
- મહિલા સન્માન બચત પત્ર/ મંથલી ઈન્કમ સ્કીમ: 7.4%
- ત્રણ વર્ષની ટર્મ ડિપોઝિટ: 7.1%

## જંગ અટકાવો અથવા વિનાશ વેઠો: ઈરાનને ટ્રમ્પનું અલ્ટીમેટમ

**ટ્રમ્પની** ચેતવણી: જો ટૂંક સમયમાં સમજૂતી નહીં થાય, તો ઈરાનના ઉર્જા સંસાધનો અને ડિસેલિનેશન (પાણીના) પ્લાન્ટ્સનો નાશ કરવામાં આવશે

**પાકિસ્તાનના** રાજદ્વારી પ્રયાસો હાલ કયા તબક્કામાં છે તે અંગે અસ્પષ્ટતા

**દુબઈ, તા. 30 (AP):** યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ધમકી આપી હતી કે જો યુદ્ધનો અંત લાવવા માટે "ટૂંક સમયમાં" કોઈ સમજૂતી નહીં થાય, તો ઈરાનના ઉર્જા સંસાધનો અને અન્ય મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ, જેમાં ડિસેલિનેશન પ્લાન્ટ્સનો સમાવેશ થાય છે, તેનો વ્યાપક વિનાશ કરવામાં આવશે.

બીજી તરફ, તેહરાને કુવૈતમાં એક મહત્વના જળ અને વીજ પ્લાન્ટ પર હુમલો કર્યો હતો અને ઈઝરાયેલમાં એક ઓઈલ રિફાઈનરી પર પણ હુમલો થયો હતો. ઈઝરાયેલ અને યુએસએ ઈરાન પર હુમલાઓનો નવો દોર શરૂ કર્યો છે, જ્યારે કે આ યુદ્ધનો કોઈ અંત દેખાઈ રહ્યો નથી. સોશિયલ મીડિયા પોસ્ટમાં

...અનુસંધાન પાના 15 પર

### ઈરાને અમેરિકાની માંગણીઓને વધારે પડતી, અવાસ્તવિક અને અતાર્કિક ગણાવી નકારી કાઢી

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સોમવારે સ્વીકાર્યું હતું કે તેહરાનને ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી ૧૫ મુદ્દાઓનો પ્રસ્તાવ મળ્યો

...અનુસંધાન પાના 15 પર

### ઈરાનનો ઈઝરાયેલ અને ગલ્ફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો

ઈઝરાયેલના મુખ્ય પરમાણુ સંશોધન કેન્દ્ર નજીક વહેલી સવારે સાયરન વાગ્યા હતા, જે દેશનો એવો ભાગ છે જેને તાજેતરના દિવસોમાં વારંવાર નિશાન બનાવવામાં આવ્યો છે. ઈઝરાયેલની સેનાએ એમ પણ જણાવ્યું હતું કે તેણે

...અનુસંધાન પાના 15 પર

### અમીરાતના એક અધિકારીએ સંકેત આપ્યો હતો કે UAE માત્ર યુદ્ધવિરામથી વધુ કંઈક ઈચ્છે છે

UAE ના વિદેશ મંત્રાલયના રાજ્ય મંત્રી નૌરા અલ કાબીએ રાજ્ય સાથે જોડાયેલા અંગ્રેજી અખબાર 'ધ નેશનલ' માં પ્રકાશિત એક લેખમાં

...અનુસંધાન પાના 15 પર